# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/427 Dt. 08/05/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સરસાણામાં 'વેલ્થ એક્ષ્પો 2026'નો ભવ્ય પ્રારંભ

## SGCCI અને JITO સુરતના સંયુક્ત ઉપક્રમે સરસાણા ખાતે રોકાણકારો અને ઉદ્યોગકારોનો ત્રિ-દિવસીય મહાકુંભ શરૂ

## અબાક્કસ એસેટ મેનેજમેન્ટના સ્થાપક સુનિલ સિંઘાનિયાના હસ્તે ઉદ્‌ઘાટન

**સુરત, 08 મે 2026:** દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગત અને રોકાણકારો માટે નાણાકીય વ્યવસ્થાપનની નવી દિશાઓ ખોલવાના હેતુથી 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી' (એસજીસીસીઆઇ) અને 'જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન' (JITO) સુરત દ્વારા સંયુક્તપણે આયોજિત 'વેલ્થ એક્ષ્પો 2026'નું આજે સરસાણા સ્થિત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે ભવ્ય ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. અબાક્કસ એસેટ મેનેજમેન્ટના સ્થાપક શ્રી **સુનિલ સિંઘાનિયા**ના વરદ્ હસ્તે આ એક્ઝિબિશન ખુલ્લુ મૂકાયું ત્યારે ચેમ્બર અને જિતોના પદાધિકારીઓ, રોકાણકારો, ઉદ્યોગકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્‌ઘાટન સમારોહમાં ચેમ્બરના પ્રમુખ શ્રી **નિખિલ મદ્રાસી**એ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, જણાવ્યું હતું કે, "આ એક્ષ્પો મારું વ્યક્તિગત સ્વપ્ન હતું. ચેમ્બરના પહેલા જ પ્રયાસને સુરત ઉપરાંત અમદાવાદ, મુંબઈ અને જયપુર જેવા શહેરોમાંથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે." તેમણે સુરતની લડાયક શક્તિને બિરદાવતા કહ્યું કે, સુરત દરેક આફતોમાંથી ફિનિક્સ પંખીની જેમ બેઠું થાય છે અને અહીં 26 રાજ્યોના લોકો હળીમળીને વસે છે.

જીતો (JITO) સુરતના પ્રમુખ અને જૈનમ બ્રોકિંગના સ્થાપક શ્રી મિલન પરીખે તેમના સંબોધનમાં આજના બદલાતા આર્થિક યુગમાં નાણાકીય સાક્ષરતાની અનિવાર્યતા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું

કે, માત્ર કમાણી કરવી પૂરતી નથી, પરંતુ નાણાકીય આયોજન અને યોગ્ય દિશામાં રોકાણ એ આજના સમયની સૌથી મોટી માગ છે.

વેલ્થ એક્સ્પો એ ચેમ્બરનો પહેલો પ્રયાસ છે. આ પ્રસંગે વેલ્થ એક્ષ્પો 2027 (12-14 માર્ચ)ના કર્ટેન રેઝરનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું, જેનું એડવાન્સ બુકિંગ આજથી જ શરૂ કરી દેવાયું છે.

મહેતા વેલ્થના કૃણાલ મહેતા સાથેના રેપિડ ફાયર રાઉન્ડમાં શ્રી સુનિલ સિંઘાનિયાએ સીધો રોકાણકારો સાથે સંવાદ સાધ્યો હતો. જીઓ-પોલિટિકલ એક્સપર્ટ શ્રી કરણ દત્તા અને મોટિવેશનલ સ્પીકર-જાણીતા ઉદ્યોગપતિ અને પદ્મશ્રી શ્રી સવજીભાઈ ધોળકિયાએ પણ રોકાણકારોને માર્ગદર્શન આપ્યું હતું. મહેમાનોનો પરિચય શ્રી કમલેશ ગજેરા, શ્રી વિજય ધીવાળા અને શ્રી કેતન દલાલે આપ્યો હતો.

ઉદ્‌ઘાટન સમારોહમાં ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખો પદ્મશ્રી નિલેશભાઈ માંડલેવાલા, પ્રવીણભાઈ નાણાવટી, રૂપીનભાઈ પચ્ચીગર, પી. એમ. શાહ, રમેશ વઘાસિયા, તત્કાલીન પૂર્વ પ્રમુખ વિજય મેવાવાલા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત માનદ્‌ મંત્રી બિજલ જરીવાલા, માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદી, જિતો સુરતના એડવાઈઝર ગૌરવભાઇ જૈન, મિતેશભાઈ જૈન, નિવેશ આયના અરવિંદભાઈ અને તેમની ટીમ, મહેતા વેલ્થના કૃણાલ મહેતા તેમજ યુનિસનના હિતેશ ચાવડા પણ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાકેશ દોશીએ કર્યું હતું.

**સુનિલ સિંઘાનિયા: “પૈસા કમાવવાની બાબતમાં સુરતીઓ 24 * 7 જાગ્રત,**

**લોંગ ટર્મ ઇન્વેસ્ટમેન્ટ જ વેલ્થ બનાવવાની ચાવી”**

વેલ્થ એક્ષ્પો 2026 ના પ્રથમ દિવસે દેશના જાણીતા રોકાણકાર અને અબાક્કસ એસેટ મેનેજમેન્ટના સ્થાપક **સુનિલ સિંઘાનિયા**એ સુરતીઓની વ્યાપારી સૂઝને બિરદાવતા કહ્યું કે, સુરતીઓ પૈસા કમાવવાની બાબતમાં હંમેશા 24 * 7 સક્રિય હોય છે. મહેતા વેલ્થના શ્રી કૃણાલ મહેતાએ તેમની સાથે રેપિડ ફાયર રાઉન્ડ યોજીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સત્તાસ્થાને સફર અને શ્રી સુનિલની નાણાકીય જર્ની વચ્ચે રસપ્રદ સરખામણી કરી હતી. શ્રી સિંઘાનિયાએ કહ્યું કે, ભારત પાસે અત્યારે વિશ્વનું સૌથી સ્થિર નેતૃત્વ અને અપાર તકો છે. સેક્ટર્સની વાત કરતા તેમણે સેમિ કન્ડક્ટર્સ, મેટલ અને ફાર્મા સેક્ટરમાં તેજીની શક્યતા દર્શાવી હતી. લોંગ ટર્મ ઇન્વેસ્ટમેન્ટના મહત્વ પર ભાર મુકતા તેમણે કહ્યું કે, વિકસતી અર્થવ્યવસ્થામાં ઇક્વિટી શ્રેષ્ઠ રિટર્ન આપે છે. અને ટ્રેડિંગ માત્ર થ્રિલ આપે છે. જો થ્રિલ જોઈતી હોય તો 100માંથી 5 રૂપિયા ટ્રેડિંગ માટે રોકી શકાય. તેમણે એસેટ એલોકેશનની ચાવી સમજાવી હતી અને રોકાણકારોના પ્રશ્નોનો જવાબ આપી તેમની સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે ભારતની ગ્રોથ સ્ટોરી વિશે વાત કરીને તેના પર વિશ્વાસ રાખવાની સલાહ આપી હતી અને એઆઇએફ વિશે પણ સમજાવ્યું હતું.